## જૂનાગઢ જિલ્લાનાં દરિયાકાંઠાના ત્રીસ ગામોએ વરસાદી પાણીનો સંગ્રહ કરીને મીઠું પાણી મેળવ્યું
## "ચામડી અને કિડનીના રોગો તેમ જ દૂરથી પાણી ભરી લાવવાની હાડમારીનો અંત આવ્યો"

****************************************************************************************************

પાણીના કરકસરપૂર્ણ ઉપયોગ અને પાણીનાં મહત્ત્વ વિશે જનજાગૃતિ ફેલાવવાના મુખ્ય હેતુથી વર્ષ 2013ના વર્ષને કેન્દ્ર સરકારે 'જળ સંચય વર્ષ' જાહેર કર્યું છે. ભારતમાં ગુજરાતનો દરિયાકાંઠો 1600 કિમીથી વધુ અને સૌથી લાંબો હોવાથી ખારાશનો પ્રશ્ન વિકટ છે. ત્યારે 'જળ સંચય'નું આપણે માટે વિશેષ મહત્ત્વ છે. પીવાનાં પાણીના સ્રોત અને ખેતી ઉપર ખારાશે વિપરીત અસર કરી છે. ખાસ કરીને, સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો લાંબો હોવાથી ત્યાં ખારાશને લગતા પ્રશ્નો વધુ જોવા મળે છે.

જૂનાગઢ જિલ્લાનાં દરિયાકાંઠાનાં અનેક ગામોની હરિયાળી વાડીઓ, ખેતીના પાકો ને પીવાનાં પાણીમાં ખારાશની તીવ્રતા વધી છે. એક અંદાજ મુજબ ગુજરાતની 50 લાખ હેક્ટર જમીન ખારાશયુક્ત થઈ ગઈ છે. દરિયાકાંઠાથી બે કિલોમીટર સુધીના વિસ્તારમાં ભૂગર્ભજળની ખારાશનું પ્રમાણ 3500 પીપીએમ થયું છે. સામાન્ય રીતે 500 પીપીએમથી ઓછા ટીડીએસ એટલે કે ક્ષારવાળું પાણી પીવાલાયક ગણાય. એ જ રીતે 4000 પીપીએમથી વધારે ખારાશવાળું પાણી ખેતી માટે પણ ખરાબ ગણાય. એક અંદાજ મુજબ, ખેતીની જમીનમાં અલ્પ માત્રાની ખારાશ પણ ખેત ઉત્પાદનમાં 15 ટકાનો ઘટાડો કરે છે. જો વધુ ખારાશ હોય તો ઉત્પાદકતા ઉપર 65 ટકા જેટલી અસર થઈ શકે.

વધતી ખારાશના નિરાશાજનક ચિત્રમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓએ આશાનું કિરણ પૂરું પાડ્યું છે. ખેતીની ખારાશ અટકાવવા બંધપાળા બનાવવા જેવા કેટલાક પ્રયત્નો સરકારી તંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ નોંધપાત્ર રીતે કર્યા છે. એ જ રીતે પીવાનું પાણી ખારાશમુક્ત મળે એ દિશામાં ખૂબ સરાહનીય કાર્યો થયાં છે. 'ચરખા' નેટવર્કની ટીમે કેટલાંક ગામોની મુલાકાત લઈને ખારાશ નિવારણ અંગેનાં કામોનો ચિતાર મેળવ્યો.

જૂનાગઢ જિલ્લાના માંગરોળ, વેરાવળ અને માળિયા હાટિના તાલુકાનાં ત્રીસેક ગામોમાં 'કૉસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ' (સીએસપીસી) અને 'આગા ખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત)' (એકેઆરએસપીઆઈ) સંસ્થાએ સાથે મળીને ખારાશ નિયંત્રણની સાથે સાથે પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવા માટે દ્રષ્ટાંતરૂપ કાર્યો કર્યાં છે. આ સંસ્થાઓની મદદથી સ્થાનિક ગામોમાં ઘેરઘેર વરસાદી પાણીના સંગ્રહ માટે ભૂગર્ભટાંકા બનાવીને લોકો ખૂબ રાજી છે. ધાબા કે પાણીને ભૂગર્ભ ટાંકામાં સંઘરીને સ્થાનીક લોકોએ પીવાનાં પાણીની સમસ્યાથી છૂટકારો મેળવ્યો છે.

રૂ. 28,600ના કુલ ખર્ચે બનતો 7000 લિટરનો ટાંકો ખોદવાની અને બાંધવાની મંજૂરી ટાંકાના લાભાર્થી કુટુંબે નિભાવવાની હોય છે. કુલ ખર્ચમાંથી 70 ટકા રકમની સબસિડી ‘સીએસપીસી’ તરફથી આપવામાં આવે છે. બાકીના 30 ટકા ખર્ચની જવાબદારી લાભાર્થીએ ઉઠાવવાની રહે છે. સ્થાનિક ગામોમાં ખાસ કરીને જમીનવિહોણા ખેતમજૂરો, એકલનારી, વિકલાંગતા ધરાવતા કે વૃદ્ધ લોકો વગેરે માટે તો વરસાદી પાણીના આ ભૂગર્ભ ટાંકા ખૂબ આશીર્વાદરૂપ નીવડ્યા છે. ટાંકા બનવાને કારણે હવે હેન્ડપંપથી ચોવીસ કલાક પાણી ઉપલબ્ધ હોવાથી કુટુંબની મહિલાઓને મોટી રાહત થઈ છે.

જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના છાત્રોડા ગામના મોટાભાગનાં કુટુંબોએ છેલ્લાં બે વર્ષ દરમ્યાન ભૂગર્ભ ટાંકા બનાવી દીધા છે. ભૂગર્ભ ટાંકાથી થયેલા ફાયદા અંગે ગામનાં રમાબહેન અપરનાથ કહે છે, “પહેલાં તો ત્રણ-ત્રણ કિલોમીટર દૂર વાડીઓમાંથી પાણી ભરી લાવવું પડતું અને એય વળી દિવસમાં બે વાર જવું પડતું. હવે આ વરસાદી પાણીના ટાંકા બન્યા પછી હું રસોઈમાં, બાળકોના ઉછેરમાં અને ઘરના બીજા કામકાજમાં ધ્યાન આપી શકું છું.”

રમાબહેનના પતિ દિલીપભાઈને ઘર પાસે જ છૂટક વસ્તુઓની દુકાન છે અને ગામના મંદિરની બધી સેવાની જવાબદારી તેમના માથે છે. તેઓ કહે છે, “હવે મારી દુકાન પણ સાચવી શકું છું. મંદિર અને ઘરના કામકાજમાં તો અમારે સાઈકલ ઉપર દૂર વાડીએથી પાણી લાવવું પડતું. એમાંય જો લાઈટ વહી ગઈ હોય તો તો એ દિવસે પાણી વગર જ ટળવળવું પડે.”





છાત્રોડા ગામના હરિજન વાસમાં અતિગરીબ મજૂર વર્ગ રહે છે. તેમની પાસે ભૂગર્ભ ટાંકીનો ખર્ચ ઉઠાવવાની શક્તિ નહોતી. ટાંકા બનાવવા માટે પહેલાં તો ઉછીના-પાછીના કરીને રૂપિયા લાવવા પડે. તેમાંથી બધો સામાન લાવવાનો અને કડિયાને મજૂરી ચૂકવવાની. વળી, પોતાની મજૂરીનો દા’ડો પાડીને પોતાના ઘરનો ટાંકો બનાવવાની મજૂરી કરવાની. ત્યારપછી ટાંકાનાં નાણાં મળે. હરિજનવાસમાં વીસેક કુટુંબો પાસે ટાંકો બનાવવાના નાણાં નહીં, છતાં ટાંકો બનાવવા માટે તેઓ તત્પર હતાં. તેથી ગામની પાણી સમિતિના સભ્ય મેરૂભાઈ બચુભાઈ રામે વીસે-વીસ ટાંકા માટે પોતાના ઘરના 80,000 રૂપિયા ઉછીને આપીને એ ગરીબ કુટુંબોને ટેકો પૂરો

પાડ્યો. પરિણામે, હરિજન વાસનાં કુટુંબોની પીવાનું પાણી મેળવવાની હાડમારી નાબૂદ થઈ છે. વધુ નોંધપાત્ર વાત એ છે કે, ગામમાં આહિર, સુથાર, મીર વગેરેની મિશ્ર વસતિ હોવા છતાં કોઈ પણ પ્રકારનો જ્ઞાતિભેદ જોવા મળતો નથી.

છાત્રોડા ગામના જ સુંદરજી નાંદોરીયા પોતાની જાતને સૌથી વધારે ખુશનસીબ માને છે, કારણ કે ટાંકો બન્યો એ પહેલાં તેમને પીવાનું પાણી મેળવવા ખૂબ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો. વિકલાંગતા અને વૃદ્ધાવસ્થાને કારણે તેઓ દૂરની વાડીએથી પણ પાણી લાવી શકતા નહીં. ગામના રસ્તે ઊભા રહીને આવતા-જતા ટેન્કરવાળા એકાદ કેરબો આપે તો ભયોભયો.

હવે ઘરઆંગણે જ વરસાદી પાણીનો ભૂગર્ભ ટાંકો થઈ ગયો એટલે તેઓ ખૂબ નિરાંત અનુભવે છે.

માંગરોળ તાલુકાના સાંગાવાડા ગામની 65 ટકા વસતિને ભૂગર્ભ ટાંકાનો લાભ મળી ગયો છે. તે માટે લોકોને સમજાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ગામની પાણી સમિતિના પ્રમુખ કાળાભાઈ માલમ કહે છે કે, “ખારાંને બદલે હવે ભૂગર્ભ ટાંકાનું મીઠું પાણી મળવાથી તાવ, તરિયાથી અમારાં બાળકો બચી ગયાં છે. ખારાશથી કિડની અને ચામડીના રોગો થતા એ પણ ઘટ્યા છે.”

વરસાદી પાણીના ટાંકા કરવાનું કામ ધારીએ એટલું સહેલું પણ નહોતું. ખારાં પાણીથી લોકો પીડાતાં હોવા છતાં ભૂગર્ભ ટાંકો બનાવવા માટે તેમને સમજાવવા પડતા. એક તો નબળી આર્થિક પરિસ્થિતિ અને સંસ્થાઓની નિષ્ઠા ઉપર શંકા. જોકે, સંસ્થાઓ દ્વારા આજુબાજુનાં ગામોમાં અને ફળિયામાં બનેલા ટાંકાના ફાયદા જોઈને ધીરેધીરે લોકોને વિશ્વાસ બેઠો.

મજૂરી કરીને જીવનગુજરાન ચલાવતાં સાંગાવાડા ગામનાં ગીતાબહેન મકવાણા કહે છે, “પહેલાં ખારું પાણી હતું એટલે તેમાંથી ચા અને રસોઈ થઈ શકતી નહોતી. હવે ઘેરબેઠાં પાણી મળે છે અને મીઠું પાણી મળે છે એટલે શાંતિ થઈ ગઈ છે.”

છેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાનાં ત્રીસેક ગામોએ આ રીતે વરસાદી પાણીનો ભૂગર્ભ ટાંકામાં સંગ્રહ કરીને ખારાશમુક્તિની દિશામાં મહાજંગ આદર્યો છે અને તેમાં સફળતા પણ મેળવી છે.

(ચરખા-વિકાસલક્ષી ફીચર્સ)